# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*******************************************************

1) સંસદનું ત્રણ દિવસનું આજથી વિશેષ સત્ર.. નારી શક્તિ વંદન અધિનિયમમાં સુધારા અંગે ચર્ચા થશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રિયન ચાન્સેલર વચ્ચે આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષિય વાટાઘાટો થશે.

3) આજથી કર્ણાટક સહિતના રાજ્યોમાં વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો શરૂ થશે

4) રાષ્ટ્રીય મહિલા આયોગે, નાસિક- TCS ખાતે મહિલાઓના જાતીય સતામણીના કેસ અંગે એક તપાસ સમિતિની રચના કરી.

5) ચેસમાં, ભારતની ગ્રાન્ડમાસ્ટર આર. વૈશાલીએ સાયપ્રસમાં FIDE મહિલા સ્પર્ધા જીતી.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT SESSION

સંસદના વિસ્તૃત બજેટ સત્રનું ત્રણ દિવસનું વિશેષ સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર 18 એપ્રિલ સુધી ચાલશે. આ સત્ર મુખ્યત્વે નારી શક્તિ વંદન અધિનિયમમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સરકાર આ અધિનિયમને લાગુ કરવા માટે ત્રણ સુધારા બિલ રજૂ કરશે. લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામતની જોગવાઈ માટે આ કાયદો 2023 માં પસાર કરવામાં આવ્યો હતો.

સીમાંકન બિલમાં લોકસભામાં રાજ્યોને બેઠકોની ફાળવણી, દરેક રાજ્યમાં વિધાનસભા બેઠકોની કુલ સંખ્યા અને દરેક રાજ્યને લોકસભા અને વિધાનસભા સાથે પ્રાદેશિક મતવિસ્તારમાં વિભાજીત કરવાની જોગવાઈ છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ ...

## VC-ANAND

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કીરેન રિજિજુ એ આ અંગે પ્રતિક્રિયા આપી હતી.

## BYTE: કીરેન રિજિજુ

દરમિયાન, કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે વિપક્ષી પક્ષો મહિલા અનામત બિલના પક્ષમાં છે પરંતુ બિલને લાવવાની રીત અંગે આશંકા વ્યક્ત કરી છે.

# PM - AUSTRIAN CHANCELLOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રિયન ચાન્સેલર ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકર આજે નવી દિલ્હીમાં વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચા કરશે. તેઓ બહુપક્ષીય મંચોમાં સહયોગ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, પ્રધાનમંત્રી મોદી સાથેની તેમની ચર્ચાઓ વિવિધ ક્ષેત્રોમાં વધુ સહયોગ માટે નવા માર્ગો ખોલશે.

ચાન્સેલર સ્ટોકર પ્રથમવાર ભારતની મુલાકાતે છે. તેમની સાથે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. પ્રધાનમંત્રી મોદી જુલાઈ 2024માં ઑસ્ટ્રિયાની મુલાકાતે ગયા હતા.

# GOYAL - RECORD EXPORT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે, નાણાકીય વર્ષ 2025-26 માં ભારતની નિકાસ $860 બિલિયન અમેરિકી ડોલર સુધી પહોંચવાની ધારણા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે, વૈશ્વિક પડકારો હોવા છતાં, આ સિદ્ધિ દેશની સ્થિતિસ્થાપકતા અને વૈશ્વિક વેપારને વિસ્તૃત કરવાની વધતી શક્તિને પ્રતિબિંબિત કરે છે.

શ્રી ગોયલે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ હસ્તાક્ષર કરાયેલા નવ વેપાર કરારો નવા બજારોને પ્રોત્સાહન આપી રહ્યા છે અને વિવિધ

ક્ષેત્રમાં નવી તકોના દ્વાર ખોલી રહ્યા છે. તેમણે કહ્યું કે વેપાર સુવિધા અને રોકાણકાર-મૈત્રીપૂર્ણ વાતાવરણ આ વૃદ્ધિને વધુ વેગ આપશે.

દરમિયાન, વેપાર સંગઠન એસોચેમના પ્રમુખ નિર્મલ મિંડાએ આશા વ્યક્ત કરી કે વૈશ્વિક બજારોમાં ભારતની વધતી જતી સ્પર્ધાત્મકતા 2026-27 નાણાકીય વર્ષમાં ભારતની નિકાસ $ 1 ટ્રિલિયન અમેરિકી ડોલરને વટાવી જશે.

## US INDIA TRADE DEAL

અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર અને ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રોબર્ટ ઓ'બ્રાયન સાથે મુલાકાત કરી. આ બેઠક દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર કરારના પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ કરાર પર ચર્ચા કરવા માટે એક ભારતીય પ્રતિનિધિમંડળ અમેરિકાની મુલાકાત લેશે.

ફેબ્રુઆરીમાં, ભારત અને અમેરિકાએ પરસ્પર વેપાર કરારના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવાની જાહેરાત કરી. આ પછી, અમેરિકા ભારત પર ટેરિફ ઘટાડીને 18 ટકા કરવા સંમત થયું. ગયા અઠવાડિયે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીની અમેરિકા મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય વેપાર પર પણ ચર્ચા થઈ હતી. 20 ફેબ્રુઆરીના રોજ, યુએસ સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓને ગેરબંધારણીય જાહેર કરી હતી.

# PRESIDENT WARDHA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સવારે મહારાષ્ટ્રના વર્ધા ખાતે સેવાગ્રામ આશ્રમની મુલાકાત લેશે. મહાત્મા ગાંધી ૧૯૩૬ થી ૧૯૪૮ સુધી સેવાગ્રામ આશ્રમમાં રહ્યા હતા અને તે સમયગાળા દરમિયાન સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન બધી પ્રવૃત્તિઓ આ આશ્રમમાંથી જ કરી હતી.

રાષ્ટ્રપતિ મુર્મુ વર્ધામાં મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિન્દી યુનિવર્સિટીના છઠ્ઠા દીક્ષાંત સમારોહને સંબોધિત કરશે.

# US - OIL SANCTION

અમેરિકાએ રશિયા કે ઈરાન પાસેથી તેલ ખરીદવા પર પ્રતિબંધોમાંથી વધુ કોઈ છૂટ આપવાનો ઇનકાર કર્યો છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવ્યું હતું કે હાલની છૂટછાટમાં કોઇ પરિવર્તન કરાશે નહીં તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ મુક્તિઓ ફક્ત 11 માર્ચ પહેલા તેલ આયાત માટે હતી.

ગયા મહિનાની 5મી તારીખે, યુએસે ભારતને રશિયન તેલ ખરીદવા માટે પ્રતિબંધોમાંથી 30 દિવસની મુક્તિ આપી હતી. દરમિયાન, યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ઈરાનમાં ગેરકાયદેસર તેલ પરિવહન માટે લગભગ બે ડઝન વ્યક્તિઓ, કંપનીઓ અને જહાજો પર પ્રતિબંધો લાદ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## AKASHWANI FOUNDATION DAY CELEBRATION

અમદાવાદ આકાશવાણી કેન્દ્ર આજ તેનો 77મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. 16 એપ્રિલ 1949થી આરંભાયેલી આ યાત્રા અવિરત પણે શ્રોતાઓને વૈવિધ્યસભર ભાથુ પિરસી રહ્યું છે. તત્કાલિન કેન્દ્રીય ગૃહ અને પ્રસારણ મંત્રી સરદાર વલ્લવભાઇ પટેલના સંદેશ સાથે આ યાત્રાનો આરંભ થયો હતો.

આજના આ દિવસે આકાશવાણીના મહાનિર્દેશક રાજીવ જૈને પોતાના સંદેશમાં આજના સ્થાપના દિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

BYTE: રાજીવ જૈન, મહાનિર્દેશક આકાશવાણી

# CENSUS 2027

વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો આજથી અનેક રાજ્યોમાં શરૂ થઈ રહ્યો છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ અભિયાન કર્ણાટક, ગોવા, મિઝોરમ, સિક્કિમ, ઓડિશા, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપમાં શરૂ થઈ રહ્યું છે.

સાથે દિલ્હીમાં NDMC અને કેન્ટોનમેન્ટ બોર્ડ પણ સામેલ છે. 15 મે સુધી ચાલનારા આ  અભિયાન દરમિયાન, ઘરે ઘરે જઈને માહિતી એકત્રિત કરાશે.

સાંભળીએ આ અંગે એક અહેવાલ......

BYTE: કુમાર રાધા રમણ

# NCW TCS

મહારાષ્ટ્રના નાસિકમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસમાં મહિલાઓના જાતીય સતામણીના અહેવાલોની સ્વતઃ નોંધ લેતા રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) એ એક તપાસ સમિતિની રચના કરી છે. સમિતિ શનિવારે ઘટના સ્થળની મુલાકાત લેશે અને દસ કાર્યકારી દિવસોમાં કમિશનને પોતાનો અહેવાલ સુપરત કરશે.

આ સમિતિમાં બોમ્બે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ સાધના જાધવ, હરિયાણાના ભૂતપૂર્વ DGP બી.કે. સિંહા, સુપ્રીમ કોર્ટના એડવોકેટ મોનિકા અરોરા અને કમિશનના વરિષ્ઠ સંયોજક લીલાબતીનો સમાવેશ થાય છે. સમિતિ દસ કાર્યકારી દિવસોમાં કમિશનને પોતાનો અહેવાલ સુપરત કરશે.

# UP - TRAIN MISHAP

ઉત્તર પ્રદેશમાં, પ્રયાગરાજમાં ગઈકાલે રાત્રે 8 વાગ્યાની આસપાસ ટ્રેનની અડફેટે આવતાં 5 લોકોના મોત થયા હતા. માહિતી મળતાં, પોલીસ અને રેલવે ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહોનો કબજો લીધો હતો અને તેમને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અકસ્માત કરચના વિસ્તારના પચદેવરા હોલ્ટ ખાતે થયો હતો.

અકસ્માત સમયે કેટલાક મુસાફરો ટ્રેનમાંથી ઉતરી રહ્યા હતા તે જ સમયે, બીજી બાજુથી આવતી ટ્રેનની અડફેટે પાંચ લોકો આવી ગયા હતા, જેમાં પાંચેયના મોત થયા.

# IPL

IPL ક્રિકેટમાં, ગઇકાલે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ લખનૌ સુપર જાયન્ટ્સને પાંચ વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, લખનૌ સુપર જાયન્ટ્સ 146 રનમાં ઓલઆઉટ થયું, જેમાં મિશેલ માર્શે સૌથી વધુ 40 રન બનાવ્યા. જવાબમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 15 ઓવર અને 1 બોલમાં પાંચ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું. જેમાં ઓપનર વિરાટ કોહલીએ 49 રન બનાવ્યા. લખનૌ તરફથી પ્રિન્સ યાદવે ત્રણ, જ્યારે અવેશ ખાને બે વિકેટ ઝડપી. બેંગલુરુના જોશ હેઝલવુડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. આજે મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. આ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# CHESS-CHAMPIONSHIPS

ચેસમાં, ભારતની ગ્રાન્ડમાસ્ટર આર. વૈશાલીએ સાયપ્રસમાં FIDE મહિલા સ્પર્ધા 2026 જીતી લીધી. 24 વર્ષીય વૈશાલીએ અંતિમ રાઉન્ડમાં રશિયાની કેટેરીના લાગનોને હરાવી, 14 માંથી સાડા આઠના સ્કોર સાથે આ સિદ્ધિ હાંસલ કરી.

આ વિજય સાથે, વૈશાલી આ વર્ષની વિશ્વ ચેસ સ્પર્ધામાં ચીનની ઝુ વેન જુન સામે રમશે.

ઓપન કેટેગરીમાં, ઉઝબેકિસ્તાનના ઝાવોખિર સિંદારોવે એક રાઉન્ડ બાકી રહેતા સાડા નવ પોઈન્ટ સાથે સ્પર્ધા જીતી. સિંદારોવ હવે વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ સામે આ વર્ષના અંતમાં રમશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં મહિલા અનામત બિલ અને ઈરાન-અમેરિકા યુદ્ધના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કર અને ફૂલછાબ લખે છે કે, મહિલા અનામત માટે આજથી સંસદનું વિશેષ સત્ર, સીમાંકન મુદ્દે પેચ.
- ગુજરાત સમાચાર લખે છે કે, ટ્રમ્પ-જિનપિંગ ભાઇ-ભાઈ: યુદ્ધમાં બદલાતા સમીકરણો.
- નવગુજરાત સમય લખે છે કે, યુદ્ધ સમાપ્ત થવાના આરે: ટ્રમ્પનો સંદેશો લઈ મુનીર તેહરાન પહોંચ્યા.
- અને સંદેશ લખે છે કે, ચીનની અવળચંડાઇ: અરુણાચલ ગેરકાયદે, અમારી જગ્યા.